પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૦ ૧૧ ડિસેમ્બર, ૨૦૧૮, મંગળવાર; માગશર સુદ - ૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આરબીઆઈ ગવર્નર પદેથી ઉર્જિત પટેલનું રાજીનામું

## ૩ વર્ષના ગાળા માટે સપ્ટેમ્બર ૨૦૧૬માં આરબીઆઈ ગવર્નર નિમાયા હતા : અંગત કારણોસર રાજીનામું આપ્યું : ઉર્જિત પટેલ

નવી દિલ્હી,તા. ૧૦ આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલે આજે આખરે તેમના હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. તાત્કાલિક રીતે અમલી બને તે રીતે ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું હતું. રિઝર્વ બેન્કની વેબસાઈટ ઉપર તેમના દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ઉર્જિત પટેલે નિવેદનમાં કહ્યું છે કે અંગત કારણોસર તેઓએ રાજીનામુ આપવાનો નિર્ણય કર્યો છે. વર્તમાન પોઝીશન પરથી તાત્કાલિક રીતે અમલી બને તે રીતે રાજીનામુ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉર્જિત પટેલે નિવેદનમાં કહ્યુ હતું કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની સેવા કરવાની તેમને તક મળી હતી તેને લઈને ગર્વની લાગણી અનુભવ કરે છે. આ ગાળા દરમિયાન સંપૂર્ણ ક્ષમતા સાથે કામગીરી અદા કરી હતી. આરબીઆઈના સ્ટાફ, ઓફિસરો અને મેનેજમેન્ટના કઠોર કામને સમર્થન આપ્યું હતું. તાજેતરના વર્ષોમાં બેન્કે અનેક ઉલ્લેખનિય સિદ્ધિઓ



હાંસલ કરી છે. તેમણે કહ્યું હતું કે આરબીઆઈ સેન્ટ્રલ બોર્ડના ડિરેક્ટરો અને તેમના સાથીઓનો આભાર માનવા માટે પણ તેઓ ઈચ્છુક છે. સાથે સાથે ભાવિ માટે પણ તેમને શુભેચ્છા પાઠવે છે. નિવેદનમાં ઉર્જિત પટેલે કહ્યું હતું કે આરબીઆઈના ગવર્નર તરીકે કામગીરી અદા કરીને તેઓ સન્માની લાગણી અનુભવી રહ્યા છે. ત્રણ વર્ષની અવધિ માટે સપ્ટેમ્બર ૨૦૧૬માં આરબીઆઈના ૨૪માં ગવર્નર તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. તેમની અવધિ ૨૦૧૯માં પુરી થઈ રહી હતી. પટેલની જાહેરાત અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસે કહ્યું છે કે વધુ એક મોટી હસ્તીએ રાજીનામું આપ્યું છે. લોકશાહી સંસ્થાઓ ઉપર ચોકીદાર દ્વારા કરવામાં આવેલી રહેલા પ્રહારોને લીધે એક પછી એક અધિકારીઓ રાજીનામું આપી રહ્યા છે. સરકાર અને આરબીઆઈ વચ્ચે આરબીઆઈની સ્વાયત્તતાને લઈને ખેંચતાણ ચાલી રહી હતી.

# આજે પાંચ રાજ્યોના પરિણામ

## રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિત પાંચ રાજ્યોમાં પરિણામો : ક્યાં કોની સરકાર બનશે તે અંગે આજે ફેંસલો : દેશભરમાં જોરદાર ઉત્તેજના : એક્ઝિટ પોલના તારણ બાદ નાના પક્ષો કિંગમેકર બને તેવી વકી : ભાજપ અને કોંગ્રેસ બંને નાના પક્ષો અને અપક્ષોને ખુશ કરવા માટેના પ્રયાસમાં લાગ્યા

નવી દિલ્હી,તા. ૧૦ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આવતીકાલે પરિણામ જાહેર કરવામાં આવનાર છે. પરિણામોને લઈને ભારે ઉત્સુકતા અને ઉત્તેજના રાજકીય પક્ષોમાં પ્રવર્તી રહી છે. એગ્ઝિટ પોલના તારણ સ્પષ્ટ ન રહેતા હવે ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટી અપક્ષો અને નાની પાર્ટીઓને પ્રભાવિત કરવામાં લાગી ગઈ છે. તમામ પાંચેય રાજ્યોમાં ચૂંટણી માટેના એગ્ઝિટ પોલના તારણ નજીકની સ્પર્ધા અને ત્રિશંકુ



વિધાનસભાની વાત કરી રહ્યા છે. જેથી બંને પાર્ટીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. બહુમતિ માટેના આંકડા સુધી ન પહોંચવાની સ્થિતીમાં બંને પાર્ટીની નીતિ શુ રહેશે તેની બેઠક થઈ રહી છે. કર્ણાટકમાં સરકાર બનાવવા માટે જે રીતે નાટ્યાત્મક ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો તેવી જ સ્થિતી પાછી થઈ શકે છે. બંને પાર્ટી આ વખતે સાવધાની રાખવા માટે ઈચ્છુક છે. ચૂંટણી બાદ ભાજપને બહુમતિ મળી શકી ન હતી અને તેની સાત સીટો ઓછી પડી હતી. સાત સીટો નહીં થવાના કારણે કર્ણાટકમાં કોંગ્રેસ અને જેડીએસની સરકાર બની હતી. અલબત્ત કર્ણાટકમાં સરકાર બનાવવા માટે કોંગ્રેસને ઓછી સીટો જીતનાર જેડીએસને મુખ્યપ્રધાન પદ આપવાની ફરજ પડી હતી. એગ્ઝિટ પોલના તારણ જે રીતે આવી રહ્યા છે તે જોતા સરકાર બનાવવા માટે ભારે મહેનત ભાજપ અને કોંગ્રેસને કરવાની ફરજ પડી શકે છે. મધ્યપ્રદેશમાં બહુમતિ સુધીના આંકડા સુધી કોઈ પાર્ટી નહીં પહોંચે તો અપક્ષ, બીએસપી અને ગોંડવાના ગોમાંતક પાર્ટીની ભૂમિકા ઉપયોગી સાબિત

● અનુસંધાન પાન-૭ પર

# ઉપેન્દ્ર કુશવાહનું કેન્દ્રિય મંત્રીમંડળમાંથી રાજીનામુ

## ઉપેન્દ્ર કુશવાહની એનડીએ સાથે છેડો ફાડવાની ઘોષણા : બિહારને ખાસ પેકેજ આપવા મોદીએ વચન આપ્યું હતું પરંતુ પાળવામાં આવ્યું નથી : કુશવાહ

નવી દિલ્હી,તા. ૧૦ બિહારમાં બેઠકોની વહેંચણીને લઈને નારાજ ચાલી રહેલા આરએલએસપીના વડા ઉપેન્દ્ર કુશવાહે આજે ધારણા પ્રમાણે જ કેન્દ્રિય મંત્રીમંડળમાંથી રાજીનામુ આપી દીધું હતું. આની સાથે જ કુશવાહની પાર્ટીએ એનડીએ સાથે છેડો ફાડી લીધો છે. રાજીનામું આપી દીધા બાદ કુશવાહે વડાપ્રધાન મોદી પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાને બિહારને ખાસ પેકેજ આપવાની વાત કરી હતી પરંતુ ખાસ પેકેજ આપવામાં આવ્યું નથી. કુશવાહે આક્ષેપ કરતા કહ્યું હતું કે કેન્દ્રની એનડીએ સરકારમાંથી બિહારને જે કંઈપણ આશા હતી તે પુરી થઈ નથી. વડાપ્રધાન મોદીને પોતાનું રાજીનામું મોકલી દીધા બાદ પત્રકાર પરિષદમાં કુશવાહે કહ્યું હતું કે વડાપ્રધાને બિહારને ખાસ પેકેજ આપવાની જાહેરાત કરી હતી પરંતુ



કંઈપણ હાંસલ થયું નથી. બિહારની હાલત આજે

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### વિપક્ષો એકજુટ

વિપક્ષીદળો સરકાર વિરૂદ્ધ એક થઈ ગયા છે. આ ક્રમમાં દ્રમુક નેતા સ્ટાલીન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મળ્યા હતા.

### જ્યોર્જિયામાં વાવાઝોડુ ત્રાટક્યુ

અમેરિકાના સાઉથ-ઈસ્ટમાં ત્રાટકેલા ડિયેગો વાવાઝોડાના કારણે લાખોને અસર પહોંચી છે. વીજ પુરવઠો ખોરવાતા નોર્થ કેરોલિના, વર્જિનિયા અને સાઉથ વેસ્ટ વર્જિનિયામાં એલર્ટ જાહેર કરાયુ છે.

### મલાલા હાવર્ડ યુનિવર્સિટી દ્વારા સન્માનિત

નોબલ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફઝઈને હાવર્ડ યુનિવર્સિટીએ સન્માનિત કરી છે. ૨૧ વર્ષિય મલાલાને બાળકીઓને મફત, ગુણવત્તાયુક્ત અને સુરક્ષિત શિક્ષણ માટે હાવર્ડ કેનેડી સ્કૂલમાં ગ્લીટ્સમૈન પુરસ્કાર અપાયો છે.

# વિજય માલ્યાના પ્રત્યાર્પણને લંડન કોર્ટે લીલી ઝંડી આપી

## મિશેલ બાદ હવે વિજય માલ્યાને ભારત લાવવાની તૈયારી શરૂ : ૯૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરનાર શરાબ કારોબારી વિજય માલ્યાને બ્રિટીશ કોર્ટે ફટકો આપ્યો : જેટલી દ્વારા સ્વાગત

નવી દિલ્હી, તા.૧૦ ભારતીય બેન્કોની સાથે ૯૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરીને ફરાર થઈ ગયેલા શરાબ



કારોબારી વિજય માલ્યાને આજે મોટો ફટકો પડ્યો હતો કારણ કે આજે સુનાવણી દરમિયાન બ્રિટનની વેસ્ટમિનિસ્ટર મેજિસ્ટ્રેટ કોર્ટે વિજય માલ્યાના પ્રત્યાર્પણને લીલી ઝંડી આપી હતી. ઓગસ્ટા વેસ્ટલેન્ડ કેસમાં વચેટીયા મિશેલને પ્રત્યાર્પણ કરીને ભારત લાવવામાં આવ્યા બાદ હવે સરકારને બીજી મોટી સફળતા મળી છે. હવે માલ્યાને પ્રત્યાર્પણ કરીને ભારતમાં લાવવામાં આવનાર છે. માલ્યાના પ્રત્યાર્પણના આદેશને મંજુરી આપી દેવામાં આવી છે. માલ્યાને હવે નિષ્ક્રિય થઈ ગયેલી કિંગફિશર એરલાઈન્સના પતનથી ઉભા થયેલા આરોપનો સામનો કરવો પડશે. ચીફ મેજિસ્ટ્રેટ જજ એમ્મા દ્વારા જણાવવામાં આવ્યું છે કે ફ્રોડ માટે વિજય માલ્યા સામે પુરાવા રહેલા છે. છેલ્લા ઘણા સમયથી માલ્યાને ભારત લાવવાના પ્રયાસો ચાલી રહ્યા હતા. બ્રિટનની કોર્ટના ચુકાદા બાદ નાણામંત્રી અરૂણ જેટલીએ કહ્યું છે કે ભારત સાથે છેતરપિંડી કરનાર કોઈપણ વ્યક્તિ બચી શકશે નહીં. ભારત માટે આ

● અનુસંધાન પાન-૭ પર

# આજથી સંસદનું શિયાળુ સત્ર

## ત્રિપલ તલાક બિલ પર મોદી સરકાર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવા સજ્જ : રાફેલ, ખેડુતોની નારાજગી, યુપી હિંસા, વિપક્ષી નેતા સામે તપાસ સંસ્થાઓના ઉપયોગ, મોંઘવારી સહિત ઘણા મામલે સામ સામે આક્ષેપબાજીનો દોર હશે

નવી દિલ્હી,તા. ૧૦ રાજકીય વર્તુળોમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે સંસદનુ શિયાળુ સત્ર આવતીકાલે મંગળવારથી શરૂ થઈ રહ્યુ છે. આ



સત્ર તોફાની બને તેવા સંકેત પહેલાથી જ દેખાઈ રહ્યા છે. અનેક એવા મુદ્દા છે જેના કારણે રાજકીય ગરમી જામી શકે છે. તોફાની સત્ર દરમિયાન કોંગ્રેસ પાર્ટી દ્વારા પણ આક્રમક રણનિતી તૈયાર કરવામાં આવી ચુકી છે. વિરોધ પક્ષ આ સત્ર દરમિયાન રાફેલ, ખેડુતો આંદોલન, સીબીઆઈ વિવાદ, ઉત્તરપ્રદેશમાં વણસી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતી, વિપક્ષી નેતાઓની સામે તપાસ સંસ્થાઓના ઉપયોગ સહિતના મુદ્દા ચગાવવા માટે તૈયાર છે. બીજી બાજુ સરકાર રામ મંદિરના મુદ્દા પર બિનસરકારી બિલ રજૂ કરીને વિરોધ પક્ષ પર હિન્દુ વિરોધી હોવાની છાપ સર્જવવા માટેના પ્રયાસ કરનાર છે. કોંગ્રેસ પાર્ટી રોબર્ટ વાઢેરાના સ્થળો પર ઈડીના દરોડાના મુદ્દાને પણ જોરદાર રીતે ઉઠાવે તેવી શક્યતા છે. વિરોધ પક્ષોને ભયભીત કરવાના પ્રયાસ પણ કરવામાં આવી શકે છે. સત્રની શરૂઆત તોફાની થનાર છે. સત્રની શરૂઆતના દિવસે જ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ પણ જાહેર થનાર છે. આવી સ્થિતીમાં આક્ષેપ પ્રતિ આક્ષેપબાજીનો દોર પણ ચાલનાર છે. જો હિન્દુ રાજ્યો ભાજપના હાથમાંથી નિકળી જશે તો વિરોધ પક્ષો વધુ આક્રમક બનીને સરકાર પર પ્રહારો કરી

● અનુસંધાન પાન-૭ પર

# અગ્નિ-૫ મિસાઈલનું સફળ પરીક્ષણ

## ૫,૦૦૦ કિમીની રેન્જની અતિઆધુનિક બેલાસ્ટિક મિસાઇલ સમગ્ર ચીન સુધી ત્રાટકી શકે : ઓરિસ્સાના દરિયાકાંઠે અબ્દુલ કલામ દ્વિપ રેન્જ ખાતેથી પરીક્ષણ કરવામાં આવ્યું : પાકિસ્તાન અને ચીનને ધ્યાનમાં લઈને શક્તિશાળી મિસાઈલ તૈયાર

ભુવનેશ્વર, તા.૧૦ ભારતે આજે પરમાણુ સક્ષમ અગ્નિ-૫



મિસાઈલનું ઓરિસ્સાના દરિયાકાંઠેથી સફળ પરીક્ષણ કર્યુ હતું. આ પરીક્ષણ ઓરિસ્સામાં દરિયાકાંઠા નજીક કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. મિસાઈલનું પરીક્ષણ આજે બપોરના ગાળામાં અબ્દુલ કલામ દ્વિપ પર ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જના લોન્ચપેડ-૪ પરથી કરવામાં આવ્યું હતું. મોબાઈલ લોન્ચર મારફતે આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ લોંગ રેંજ બેલાસ્ટિક મિસાઈલ પરમાણુ હથિયારો લઈને ત્રાટકવામાં સક્ષમ છે. ૫૦૦૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવનાર આ મિસાઈલનું પરીક્ષણ ઓરિસ્સાના દરિયાકાઠા પર અબ્દુલ કલામ આઈલેન્ડથી કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડમાં તેના સમાવેશની દિશામાં પણ ભારતે મોટુ પગલુ લીધુ છે. આ મિસાઈલ હજુ સુધીની સૌથી એડવાન્સ મિસાઈલ છે. આ મિસાઈલ ચીનના મોટા ભાગના ઉત્તરપૂર્વીય વિસ્તારો સુધી ત્રાટકવામાં સક્ષમ છે. તેની ત્રાટકવાની રેંજ ૫૦૦૦ કિલોમીટરથી વધારેની છે. સમગ્ર ચીન ટાર્ગેટ હેઠળ આવી જતાં ભારતની મોટી સફળતા તરીકે આને જોવામાં આવે છે. મિસાઈલની વિશેષતા પણ અનેકગણી રહેલી છે. આ મિસાઈલ અવાજ કરતા પણ ૨૪ ગણી વધુ ઝડપથી ત્રાટકી શકે છે. ૫૦ ટન વજન મિસાઈલનું રહેલું છે. આ ઉપરાંત અગ્નિ-૫

● અનુસંધાન પાન-૭ પર

